# ઓગસ્ટની શરૂઆત પૂનમની તિથિ સાથે થશે

## ૧ ઓગસ્ટના રોજ અધિક શ્રાવણ માસની પૂર્ણિમાએ તીર્થયાત્રાની સાથે દાન-પુણ્યની પરંપરા

આવતીકાલે તારીખ ૧ ઓગસ્ટે શ્રાવણ અધિક માસની પૂર્ણિમા છે. આ પૂર્ણિમા દુર્લભ છે, કારણ કે શ્રાવણમાં અધિક મહિનો ૧૯ વર્ષ પછી આવ્યો છે અને આ મહિનાની પૂર્ણિમા પૂજાની દ્રષ્ટિએ ખૂબ જ શુભ રહેશે. એવી માન્યતા છે કે આ દિવસે કરવામાં આવેલા ધાર્મિક કાર્યથી પરિવારમાં સુખ-શાંતિ જળવાઈ રહે છે અને વિચારોમાં સકારાત્મકતા વધે છે.આ શ્રાવણ માસ એ શિવનો પ્રિય મહિનો છે, અધિક માસ વિષ્ણુનો પ્રિય મહિનો છે, આ મહિનાની પૂર્ણિમાએ આ બે દેવતાઓ તેમજ મહાલક્ષ્મી અને ચંદ્રદેવની પૂજા કરવાની પરંપરા છે. આ પૂર્ણિમા મંગળવારે હશે, એટલા માટે આ દિવસે હનુમાનજીની સામે દીવો પ્રગટાવીને સુંદરકાંડ અથવા હનુમાન ચાલીસાનો પાઠ કરી શકાય છે.

પૂર્ણિમાના દિવસે ચંદ્ર ભગવાનને અર્ધ્ય અર્પણ કરો પૂર્ણિમાના દિવસે સવારે ભગવાન શિવની સાથે ચંદ્રદેવની પૂજા કરો. જો ચંદ્રદેવની પ્રતિમા ન હોય તો ભગવાન શિવના મસ્તક પર બેઠેલા ચંદ્રની પૂજા કરો. શિવલિંગ પર દૂધ ચઢાવો. ચંદનથી તિલક કરો. બિલ્વપત્ર, ધતુરા, આકૃતિના ફૂલ વગેરે જેવી શુભ વસ્તુઓ ચઢાવો. ચંદ્રોદય પછી સાંજે ચંદ્રદેવને જળ અને દૂધ અર્પણ કરો. ચાંદીના વાસણમાંથી અર્ધ્ય આપવામાં આવે તો સારું રહેશે. જો તમારી પાસે ચાંદીનો વાસણ ન હોય, તો તમે માટીના નાના વાસણ સાથે અર્ધ્ય અર્પણ કરી શકો છો. આ પછી ચંદ્રની પૂજા કરો.

આ શુભ કાર્ય તમે શ્રાવણ મહિનાની પૂર્ણિમાએ કરી શકો છો

● આ પૂર્ણિમાએ પવિત્ર નદીમાં સ્નાન કરી શકાય છે. અત્યારે વરસાદનો સમય છે, તેથી નદીમાં સ્નાન કરતી વખતે સાવચેત રહો. જો નદીમાં વધુ પાણી હોય તો તમે પવિત્ર નદીઓનું ધ્યાન કરીને ઘરમાં સ્નાન કરી શકો છો. તેના માટે પાણીમાં થોડું ગંગાજળ



ભેળવીને સ્નાન કરો.

અત્યારે શ્રાવણ મહિનો ચાલી રહ્યો છે, તેથી આ મહિનામાં તમે ભગવાન શિવ, ભગવાન વિષ્ણુ અને શ્રી કૃષ્ણના મંદિરોમાં જઈને પૂજા કરી શકો છો. તમે તમારા શહેરની આસપાસના પૌરાણિક મહત્ત્વના કોઈપણ મંદિરની મુલાકાત લઈ શકો છો. જો કોઈ જ્યોતિર્લિંગના દર્શન કરી શકે તો તે ખૂબ જ શુભ રહેશે. તમે શ્રી કૃષ્ણના જન્મસ્થળ મથુરા-વૃંદાવનની મુલાકાત લઈ શકો છો. વિષ્ણુજીના મંદિર જેવા કે દ્વારકા, પુરી, બદ્રીનાથના દર્શન કરવા જઈ શકાય છે.

મંગળવારે હનુમાનજીનો જન્મદિવસ છે. એટલા માટે આ દિવસે હનુમાનજીની વિશેષ પૂજા કરવી જોઈએ. તમે હનુમાનજીને સિંદૂર અને ચમેલીના તેલથી સજાવી શકો છો. હનુમાનજી મૂર્તિને ચોલા અર્પણ કરી શકે છે. ભગવાનને મીઠાઈ અર્પણ કરો. ધૂપ-દીપ પ્રગટાવો અને રામ નામનો જાપ કરો. સુંદરકાંડ અથવા હનુમાન ચાલીસાનો પાઠ કરો.

પૂર્ણિમાના દિવસે વિષ્ણુજી અને મહાલક્ષ્મીનો અભિષેક કરવો જોઈએ. આ તિથિએ દેવી લક્ષ્મીની વિશેષ પૂજા કરવાની પરંપરા છે. જો વિષ્ણુજીની સાથે લક્ષ્મી પૂજન કરવામાં આવે તો ભક્તોની મનોકામના જલ્દી પૂરી થઈ શકે છે. એવી માન્યતા છે. અભિષેક દક્ષિણાવર્તી શંખથી કરવો જોઈએ, આ માટે કેસર મિશ્રિત દૂધનો ઉપયોગ કરવો જોઈએ. ભગવાનને તુલસી સાથે મીઠાઈ અર્પણ કરો. ઓમ નમો ભગવતે વાસુદેવાય મંત્રનો જાપ કરો.

● માતા ગાયની મૂર્તિ સાથે બાળ ગોપાલનો અભિષેક. બાળ ગોપાલને તુલસી સાથે માખણ-મિશ્રી અર્પણ કરો. 'કૃષ્ણ કૃષ્ણાય નમઃ' મંત્રનો જાપ કરો.

# સૃષ્ટિનો કણ-કણ શિવમય છે, સદાશિવની કલ્પના એક વિગ્રહમાં અટકી જવી જોઈએ નહીં

કોઈપણ કર્મ શ્રદ્ધાથી જ ફલિત થાય છે. ઈશ્વરની હાજરી કે કૃપાનો અનાદર કરવામાં આવે તો એ કર્મ ફલિત થતું નથી. ક્યારેય પણ કર્મમાં અભિમાન ન રાખવું. મારા વડે જે પણ કર્મ થઈ રહ્યું છે એ એની કૃપા થકી થઈ રહ્યું છે. ભગવાને આપણને નિમિત્ત બનાવ્યા બદલ એનો આભાર માનો.

શ્લોક:૨૨

અહીં આચાર્ય પુષ્પદંતજી એ પ્રભુના દંડવિધાતા સ્વરૂપનું વર્ણન કર્યું છે. એમાં એક કથા છુપાયેલી છે; પ્રલય પશ્ચાત બ્રહ્માજીને સૃષ્ટિ કરવાનો પરમાત્માએ આદેશ આપ્યો છે.



તેમણે બ્રહ્મકુમારોને અને ત્યારબાદ સનતકુમારોને જન્મ આપ્યો છે, પરંતુ સૃષ્ટિ આગળ વધારવાની દિશામાં કાર્ય આગળ વધતું નથી. છેવટે બ્રહ્માજીએ પોતાના શરીરના બે ભાગ કર્યા છે, એ મનુ અને શતરુપા કહેવાય છે. સૃષ્ટિ આગળ વધી અને મનુના સંતાનો માનવ કહેવાયા. હિરણ્યાક્ષ પાસેથી પૃથ્વી પર લાવ્યા. પૃથ્વી ભ્રમણથી દિવસ-રાત થયા. દિવસ-રાતના સંધિકાળને સંધ્યા કહેવાય છે. આમ સંધ્યાની ઉત્પતિ થઈ, જેની દેવી તરીકે કલ્પના થઈ છે. જે ખૂબ સુંદર અને લાવણ્યમયી છે. સૃષ્ટિ આગળ વધારવા બ્રહ્માજીએ કામદેવને ઉત્પન્ન કર્યા. બ્રહ્માજી કામેચ્છાને આધીન થયા. સંધ્યા પર મોહીત થયા. આ ઘટનાને આગળ વધતી રોકવા શિવજીએ બ્રહ્માજી પર બાણ ફેંક્યું છે, જેના સ્પર્શમાત્રથી બ્રહ્માજીને વિવેક ભાન થયું છે. કહેવાય છે કે, ફરીવાર ભૂલ ન થાય એ માટે શિવજીનું બાણ આર્દ્રા નક્ષત્ર રૂપે, મૃગશીર્ષ નક્ષત્ર રૂપે બ્રહ્માજીની પાછળ ને પાછળ રહે છે. આમ બ્રહ્માજીને શિવજીએ અટકાવ્યા છે.

જગતના આધિપતિ ભગવાન શિવ કર્મનું ફળ આપવામાં પાછા પડતા નથી. બ્રહ્માજીને પણ બક્ષતા નથી. અગત્યનું છે કે, ભગવાન સદાશિવ જાગૃત છે. બાળકોનું સતત ધ્યાન રાખે છે. ભગવાનનું શાસન નિષ્પક્ષ છે.

શ્લોક: ૨૩

હે વરદ ! હે યમનિરત ! જે હંમેશા સંયમમાં સ્થિર છે. આચાર્ય કહે છે, મારા પ્રભુના કાર્યો બહુ વિલક્ષણ છે. ટૂંકી બુદ્ધિમાં એ આવી શકે તેમ નથી. અહીં આચાર્ય પુષ્પદંત એક ઘટનાનું સ્મરણ કરાવે છે; કામનું દહન કર્યા પછી મૂર્છિત થયેલા પાર્વતીજીને પિતા સ્વગ્રહે લઈને પાછા આવે છે. જાગ્યા બાદ પાર્વતીજી શંભુને પતિ તરીકે પ્રાપ્ત કરવાની જીદરૂપે તપસ્યા આદરવાની ઈચ્છા વ્યક્ત કરે છે. માતાની આજ્ઞા ન મળવા છતાં જળ-પર્ણ તમામનો ત્યાગ કરી જંગલમાં ઘોર તપસ્યા આદરે છે, માટે એ અપર્ણા કહેવાય છે. બધા જ દેવો અને ખુદ શિવજી તેમની પરીક્ષા કરે છે. પરંતુ પાર્વતીજી કહે છે, હું જન્મોજન્મ શંભુને જ વરીશ. શંભુ પ્રસન્ન થઈ પ્રગટ થાય છે. વગર માંગે પોતાના શરીરમાં સ્થાન આપે છે અને આપ પ્રભુ અર્ધનારેશ્વર કહેવાયા...ભગવાન શિવ-શક્તિ અભિન્ન થયા. કૈલાસમાં સ્થિત થયા. કેવું ભક્તિનું ફળ !!! પુષ્પદંતાચાર્યજી કહે છે, આ પ્રભુની ભક્તવત્સલતા છે.

દક્ષ પ્રજાપતિને ત્યાં યજ્ઞમાં અપમાનિત થયા બાદ દેવી પાર્વતી દેહત્યાગ કરે છે. શિવજી સતીના વિરહમાં એમના દેહને ખભા પર રાખી ત્રિલોકમાં ફરતા રહે છે. આખરે વિષ્ણુ ભગવાન શિવજીને બહાર લાવવા સુદર્શનચક્રથી સતિના દેહના ૬૪ ટુકડા કરે છે. આ ટુકડા પૃથ્વી પર જ્યાં પડ્યા એ ૬૪ શક્તિપીઠ બન્યા, જે આજે પણ પૂજાય છે.

શ્લોક:૨૪

આ શ્લોકમાં આચાર્યશ્રીએ ભગવાનની પરમ મંગલરૂપતાનું વર્ણન કર્યું છે. શિવ-શંકર-શંભુ ભગવાનના નામ કેવી રીતે પડ્યા એ દર્શાવતા કહેવાય છે કે, શિવ - કલ્યાણ સ્વરૂપ, શંકર - શં કરોતિ ઈતિ, મંગલ કરે તે શંકર. શંભુ એટલે કે, શં ભવતિ યસ્માત ઈતિ, જેનામાંથી કલ્યાણ પ્રગટ થાય છે, સૌનું મંગલ થાય છે તે. આચાર્ય તેમની સ્મશાનલીલા દ્વારા ભગવાનનું અનેક વિરોધી લક્ષણોથી ભરેલું સ્વરૂપ દર્શાવે છે. અમંગલ સ્થાનમાં રહીને સૌનું મંગલ કરે છે. કાલિદાસજી કહે છે, પ્રભુ ઝેરીલા સાપ ધારણ કરે છે, ઝેરનો એમને ભય નથી.

### શિવમહિમ્નસ્તોત્ર પ્રવચન શ્રેણી
### આઠમો દિવસ

ચંદ્રને ધારણ કરે છે, એ પ્રેમ અમૃત નથી. ગળામાં ખોપડીની માળા છતાં અશુદ્ધ થતા નથી. મસ્તક પર ગંગા છતાં પવિત્ર થતા નથી. ચિતાની ભસ્મથી ઉદ્વેગ થતો નથી. ગૌરીને સદાય સાથે રાખીને સુખ થતું નથી. હિત-અહિતમાં સમાન અને પોતાના સ્વરૂપમાં સ્થિત, સર્વ સમૃદ્ધિ એમનામાંથી પ્રગટ થાય છે છતાં પણ પોતે અકીંચન રહે છે. છે તો ત્રિલોકના નાથ છતાં સસરાના ઘરે, હિમાલયમાં રહે છે. છે તો ભીમરૂપ છતાં એમને શિવ કહેવામાં આવે છે. શિવ જે પરમ કલ્યાણ કરનાર છે, સર્વેશ્વર છે, છતાં ભસ્મના ઢગલામાં રહે છે. સ્ત્રીને પોતાના શરીરમાં ધારણ કરે છે, છતાં સદા બ્રહ્મચારી છે. કુબેર તેમના સેવક છે, છતાં પોતે પોતળી-મૃગચર્મ બાંધે છે. ક્યાંય રાગ નથી. એમની ક્રિડા સ્મશાનમાં છે. જે પણ સ્વીકાર્યું છે, કે ધારણ કર્યું છે એ બધું જ અમંગલ છે, છતાં એમનું સ્વરૂપ મંગલકારી ગણાય છે.ભગવાન સ્મશાનમાં અનેક પ્રકારની ક્રિડા કરે છે, જે એમના મૃત્યુંજય સ્વરૂપને ચરિતાર્થ કરે છે. શિવજી સાથે ક્રિડામાં ભૂત-પ્રેત-પિશાચ જોડાય છે. જેને બધા ભગાડે એને શિવજી રમાડે છે. પ્રભુ ચિતાની ભસ્મને પોતાના શરીર પર લગાડે છે. સંસારી વ્યક્તિ માટે સ્મશાનના ધુમાડાના સ્પર્શવાળું શરીર સ્નાન કરી સ્વચ્છ કરવું અનિવાર્ય છે. દાઢી કર્યા પછી, વાળ કપાવ્યા પછી, મૈથુનક્રિયા પછી સ્નાન કરવું જરૂરી છે. નહીં તો એ મનુષ્ય ચાંડાલવત્ત કહેવાય છે.

ખોપડી અમંગળ હોવા છતાં પ્રભુ ધારણ કરે છે, એ દ્વારા પ્રભુ જીવોને ઉપદેશ આપે છે કે મૃત્યુ એ ભયનું કારણ નથી. વાસ્તવિક સ્વરૂપ જન્મ-મૃત્યુથી પર છે. વસ્ત્ર બદલાય એમ શરીર બદલાય છે. પરમાર્થિક સ્વરૂપને જાણી લો તો મૃત્યુંજય થવાય છે.

આપણા અંતરમાં અનેક પ્રકારની વૃત્તિઓ છે જે આસુરી વૃત્તિના વશમાં આવી જાય છે. એ જ પિશાચવત્ત વર્તન કરે છે. ભગવાન બધાને પોતાના નિયંત્રણમાં રાખે છે, તામસિકમાંથી સાત્વિક બનવાનું છે.પુષ્પદંતાચાર્યજી કહે છે, આમ જોઈએ તો તમારું આ સ્વરૂપ મંગલમય છે. જગતની કોઈ વસ્તુ અમંગલ કરતી નથી, ઊલટાનું એમના સ્પર્શથી દરેક વસ્તુ મંગલમય થઈ જાય છે. આમ પ્રભુના અવિરોધ સ્વરૂપને જોઈ આપણામાંથી વિરોધ ઘટતો જાય છે. કોઈ ફરિયાદ રહેતી નથી. આ જગત જેવું છે તેવું યોગ્ય છે. જે ઠીક કરવાનું છે એ આપણી અંદર ઠીક કરવાનું છે.

શ્લોક : ૨૫

પ્રભુના સ્વરૂપને જે સમજી લે છે એ પરમાનંદને પ્રાપ્ત કરે છે. ભગવાનના સગુણ-આકાર સ્વરૂપનું આચાર્યએ વર્ણન કર્યું, હવે ભગવાનના નિર્ગુણ સ્વરૂપને સામે રાખીને વાત કરે છે. સગુણ ઉપાસના એક આલંબન છે, એનાથી નિર્ગુણ ઉપાસના તરફ જવાનું છે. સામાન્ય ચંચળ મન પ્રભુની નિર્ગુણ ઉપાસના કરી શકતું નથી. સગુણ ભક્તિ પછી નિર્ગુણ આત્મજ્ઞાન તરફ જઈ શકાય છે. સગુણ ઉપાસના અંદરથી હર્રાભર્યા રાખે છે. શ્રુતિ અને એના પછી યુક્તિ બંને પર્યાપ્ત નથી, નિર્ગુણ સ્વરૂપને સમજવા અનુભૂતિ આવશ્યક છે.

# શહેરના વરિષ્ઠ ચરિત્ર અભિનેતા હસમુખ મેકવાનને GFFA એવોર્ડ

ગાંધીમંગર, તા.૩૦

ગાંધીનગર શહેરમાં ગુજરાતી ફિલ્મ જગતના ઘણા નામી-અનામી સિતારા વસવાટ કરે છે તે પૈકી અભિનય ક્ષેત્રે અનેક કલાકારોએ પાટનગરનું નામ વારંવાર રોશન કર્યુ છે. શહેરમાં વસતા વરિષ્ઠ અભિનેતા હસમુખ મેકવાનને આજે વધુ એક સન્માન પ્રાપ્ત થયું છે. ગાંધીનગરના અંબાપુર ખાતે ૮૪ સમાજ સંકુલમાં શ્રી કૃષ્ણા પ્રોડક્શન દ્વારા GFFA એવોર્ડ ફંક્શનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નાટય, ટી.વી.ફિલ્મ ક્ષેત્રે વિશેષ યોગદાન માટે જાણીતા ચરિત્ર અભિનેતા હસમુખ મેકવાનનુ લોકગાયક ઉમેશભાઈ રત્નાકરના હસ્તે GFFA એવોર્ડથી સન્માન કરવામાં





આવ્યું હતું. આ સન્માનને પગલે તેમણે સાથી કલાકારો, મિત્રો, શુભેચ્છકો તેમજ પરિવારજનો તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યાં હતા.



અધિક શ્રાવણ માસમાં હરિદ્વારમાં ઉમિયાધામ આશ્રમમાં ચાલી રહેલ શ્રીમદ્ ભાગવત કથાના પંચમ દિવસે ગોવર્ધન પૂજા કરી ઉંઝાની મીઠાઈઓ અને ગાંધીનગરના ફરસાણ સહિત વિવિધ વ્યંજનો યુક્ત છપ્પન ભોગ અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યો હતો.

# ગોકુળપુરા ખાતે નિઃશુલ્ક મેડિકલ નિદાન કેમ્પ યોજાયો

## અંદાજે ૧૨૪ જેટલા લાભાર્થીઓને વિવિધ રોગ નિદાન સાથે વિનામૂલ્યે દવાઓ- ચશ્મા અપાયા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના ગોકુળપુરા ખાતે ડૉ.શ્રી હેડગેવાર સ્મારક સેવા સમિતિ અને પગરવ હોસ્પિટલ એન્ડ ICU ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'નિઃશુલ્ક મેડિકલ નિદાન કેમ્પ'યોજાયો હતો.


આ મેડિકલ કેમ્પનો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ગાંધીનગરના સંઘ ચાલક શંકરભાઈ ચાવડા અને પગરવ હોસ્પિટલના ડૉ. શ્યામલ ધોળકિયા દ્વારા દીપ પ્રાગટ્ય કરાવીને શુભારંભ કરવામાં આવ્યો હતો.

પ્રાથમિક શાળામાં યોજાયેલા મેડિકલ કેમ્પમાં ગોકુળપુરા,નારાયણ નગર અને



વાવોલ વિસ્તારના અંદાજે ૧૨૪ જેટલા ભાઈ,બહેનો,અને વડીલોની આંખની તપાસ બાદ વિનામૂલ્યે ચશ્મા વિતરણ,દાંત,ડાયાબિટીસ, બ્લડ પ્રેસર તેમજ જનરલ ચેકઅપ કરીને જરૂરી દવાઓ વિનામૂલ્યે આપવામાં આવી હતી.

# શાહપુર બ્રિજ પર મકાઈની મજા ઈસ્કોન જેવી દુર્ઘટના ના સર્જે તો સારુ



ગાંધીમંગર, તા.૩૦

ચોમાસાની ઠંડી ઋતુમાં ગરમાગરમ લાઈવ મકાઈ ખાવાના શોખીનો હાઈવે માર્ગો તરફ દોડી જાય છે જેમાં હવે તો ગાંધીનગરના ગિફ્ટ સિટી તરફ જતા શાહપુર માર્ગ પર સાબરમતી નદીના બ્રિજ પર વરસાદી મોસમને અનુલક્ષીને મકાઈ વેચવાવાળાઓની લાઈન લાગવી શરૂ થઈ ગઈ છે.

મોટી લોડીંગ ટ્રકો અને ટેક્રો જેવા ભારે વાહનોની સતત અવરજવર ધરાવતા અને બ્રિજ ઉપરની ફૂટપાથ રોકીને ઉભા રહેતા આ મકાઈ વેચવાવાળાઓ અને મકાઈ ખાવા ઊભા રહી જતા વાહનચાલકોને કારણે અકસ્માતનું જોખમ સર્જાઈ રહ્યું છે.

તાજેતરમાં અમદાવાદના એસજી હાઈવે પર ઈસ્કોન ઓવરબ્રિજ પર સર્જાયેલી દુર્ઘટના જેવી કોઈ દુર્ઘટના સર્જાય તે પહેલા બ્રિજ પરના હંગામી દબાણો અટકાવવા જરૂરી જણાય છે.

# આદિવાડા ગામના માર્ગો પર કાદવકીચડથી પારાવાર મુશ્કેલી





ગાંધીમંગર, તા.૩૦

આદિવાડા ગામમાં વરસાદી પાણીના ભરાવાને કારણે માર્ગોની હાલત બિસ્માર થઈ રહી છે અને ગ્રામજનોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. બાળકોને શાળાએ જવા માટે પણ કાદવકીચડમાંથી પસાર થવું પડી રહ્યું છે. ગામના વિસ્તારોમાંથી વરસાદી પાણીના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તે જરૂરી બન્યું છે.

# બીબીએ કોલેજના NSS યુનીટ દ્વારા "ટ્રાફિક અવેરનેસ અભિયાન" અંતર્ગત સન્માન

ગાંધીમંગર, તા.૩૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમીનીસ્ટ્રેશન (બી.બી.એ.) કોલેજના NSS વોલિયાનટર્સ દ્વારા વધતા અકસ્માત સામે



જનજાગૃતિ ફેલાવવા એક નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો.જેમાં વોલિયાનટર્સ દ્વારા ટ્રાફિક નિયમન કરતા કર્મચારીઓનું સન્માન કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોલેજ ના આચાર્યશ્રી ડો.રમકાન્ત પૃષ્ટિ દ્વારા કાર્યક્રમ બાબતે વિદ્યાર્થીઓને ઉત્સાહિત કરવામાં આવ્યા હતા.ગાંધીનગર જિલ્લા, શહેર તેમજ અમદાવાદ ના વિવિધ વિસ્તારોમાં ફરી વિદ્યાર્થીઓ એ ટ્રાફિક પોલીસ ને મળી તેઓને પ્રશસ્તિ પત્ર આપી તેમની ફરજ ને બિરદાવી હતી.

તેમજ લોકો ને ટ્રાફિકના નિયમ માં રહી વાહન ચલાવવા અપીલ કરવામાં આવી હતી. દ્વિતીય અને તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા સંપૂર્ણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ ટ્રાફિક કર્મીઓ સાથે વાતચીત કરી તેઓના અનુભવ અને આવતી સમસ્યાઓ સાંભળી હતી. અને આગામી દિવસોમાં વધુ લોકો સુધી પહોંચી આ અભિયાનને આગળ વધારવાનો નીર્ધાર વ્યકત કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમ બીબીએ કોલેજના NSS વોલિયાનટર્સ ચૌહાણ ચંદ્રપાલ,માલાણી અર્પિત, શ્રેયા પ્રજાપતિ, ત્રિવેદી વિશ્વા, કૌશલ સુથાર,બ્રિજેશ જોશી, નિલ પટેલ, ભાગ્યદીપસિંહ ગોહિલ, સોની અમિષા,કિંજલ વાઘેલા, નિમિષા મકવાણા,તિથિ દવે,ધ્રુવી મોદી,ભીમાણી નેવીલ, હર્ષિલ ભવાની જેવા યુનીટના ઉત્સાહી વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. સાંપ્રત સમયમાં જ્યારે યુવાધન વિવિધ ઉજવણીઓ ઉજવવામાં વ્યસ્ત છે.ત્યારે ઉપરોક્ત કાર્યક્રમ દ્વારા બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

NSS પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા વિદ્યાર્થીઓને શિસ્ત માં રહી સમગ્ર કાર્યક્રમ ના અમલીકરણ માટે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું.અને અભ્યાસ સાથેસાથે સમાજ પ્રત્યેની ફરજો માટે સભાન રહેવા જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની સમાજ પ્રત્યેની ઊંડી લાગણી સ્પષ્ટ રૂપે જોવા મળતી હતી.